ક્રમાંક:મઉમશબ/પરીક્ષા/2023/38-71
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.09/01/2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- પાંચમી પ્રશ્નબેંક (જાન્યુઆરી-૨૦૨૩) આધારિત મૂલ્યાંકન બાબત.
સંદર્ભ:-(1) ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરનો પત્રક્રમાંક:મઉમશબ/ક/3781/2022, તા.23/09/2022 અન્વયે.
(2)ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ ગાંધીનગરનો પત્રક્રમાંક:મઉમશબ/ક/3966-30999/2022, તા.19/12/2022 અન્વયે.
(3) ગુ.મા.અનેઉ.મા.શિ.બો ર્ડગાંધીનગરનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/12559 તા.12/12/2022 અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઉપરોક્ત સંદર્ભ-2 ના પત્રથી પાંચમી પ્રશ્નબેંક (જાન્યુઆરી-2023) આધારિત મૂલ્યાંકન યોજવા અંગે અભ્યાસક્રમ તથા મૂલ્યાંકનની તારીખ જાહેર કરવામાં આવેલ છે.

પાંચમી પ્રશ્નબેંક (જાન્યુ-2023) આધારિત મૂલ્યાંકન માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય છે.

- આગામી ધોરણ-9 થી 12ની પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન પ્રવિધિ તા.19/01/2023 અને તા.20/01/2023 દરમ્યાન શાળાઓમાં યોજાનાર છે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન નિયત સમય મર્યાદામાં જ હાથ ધરવાનું રહેશે.
- દ્વારા તૈયાર કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પણ અધ્યયન નિષ્પત્તિનું મેપીંગ કરી સંદર્ભિત પત્ર-3 થી મોકલી આપવામાં આવેલ છે.
- પાંચમી પ્રશ્નબેંક (જાન્યુ-2023)ના પ્રશ્નો અધ્યયન નિષ્પતિના આધારે તૈયાર કરવામાં આવેલ છે.

- પ્રશ્નબેંકમાંથી 25 ગુણનું પ્રશ્નપત્ર અધ્યયન નિષ્પતિના આધારે તૈયાર કરવાનું રહેશે અને પ્રશ્નપત્રના મૂલ્યાંકન દરમ્યાન વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની ડેટા એન્ટ્રી શાળા દ્વારા ક્ષમતા એપમાં કરવાની રહેશે.
- ઉક્ત સૂચના મુજબ આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને તા.**19/01/2023** અને તા.**20/01/2023** દરમ્યાન લેવાનાર મૂલ્યાંકન પ્રવિધિમાં વિદ્યાથીઓએ મેળવેલ ગુણની ક્ષમતા એપમાં ડેટા એન્ટ્રી તારીખ 31/01/2023 સુધીમાં પૂર્ણ કરે તે માટે અંગત કાળજી લઇ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- સદર મૂલ્યાંકન પ્રવિધિના ગુણની ડેટા એન્ટ્રી અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉક્ત વિગતે આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા જાણ કરશો.

નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :- ઉપર મુજબ

નકલ સવિનય રવાના:

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.